R.N.I. No. : GUJGUJ/2000/447-
Ahmedabad Jurisdiction

અયૂબ ૪૦ : ૧૯

# નવક્રાન્તિ

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતુ સાપ્તાહિક

તંત્રી : રોબિન ધોળકીયા • સહતંત્રીઃ પ્રકાશ ધોળકીયા

(મો)૯૮૨૫૧૬૯૩૮૬

વેબ સાઇટ :http://jagadishchristian.com email:garvinavkranti @ yahoo.com

YEAR-28 • ISSUE: 39 DATE: 28-09-19• SATURDAY • PAGES : 4 • PRICE Rs. One • YERLY-SUB:Rs. 60/-

(સરનામાનું સ્ટીકર ઉખાડયા વગર પરત કરો)
આપનું લવાજમ બાકી છે?હા ( ) ( )-ના ( )

If undelivered pl. return to;
કાર્યાલય :૨/૧૦ સોનિચી એપાર્ટમેન્ટ પી.ટી.કોલેજરોડ,નારાયણનગર પાલડી,અમદાવાદ-૭

## ઔધોગિક ક્ષેત્રે મંદીની વાત એક હવા છે :લઘુ-મધ્યમ ઊધોગો મોટાપાયે બંધ થયા હોય તેવું ધ્યાનમાં નથીઃ મુખ્યમંત્રી વિજય રુપાણી



દેશભરમાં ઔધ્યોગિક ક્ષેત્રે મંદીનો માહોલ છે અને જીડીપીથી લઈને ખુદ કેન્દ્ર સરકાર દ્વારા જાહેર થતા વિવિધ આંકડામાં આર્થિક ગતિવિધિઓ મંદ પડી ગઈ હોવાનું ફલિત થઈ રહ્યુ છે. ત્યારે મુખ્યમંત્રી વિજય રુપાણીએ કહ્યુ છે કે મંદી એક હવા છે.રાજ્યના એમએસએમઈ ઉદ્યોગો માટે સોલાર પોલીસીમાં મહત્વના સુધારા જાહેર કર્યા તે દરમિયાન સુક્ષ્મ-લઘુ-મધ્યમ ઉદ્યોગો મંદીની અસરમાં છે ત્યારે રાજ્ય સરકાર અન્ય કોઈ રીતે પણ તેમના માટે પગલ ાં લેવા માંગે છે કે કેમ તે અંગેના સવાલના જવાબમાં તેમણે આ મુજબ જવાબ આપ્યો હતો.

મંદીની વાત ફગાવી દેતાં મુખ્યમંત્રીએ ગાંધીનગરમાં મીડીયાના સવાલોનો જવાબ આપતાં કહ્યુ હતું કે મંદી એક હવા છે.હજુ એમએસએમઈ સાવ બંધ થઈ ગયા હોય અને આંખે ઉડીને વળગે તેવું બહાર આવ્યું નથી.અત્યારે કોઈ તેના આંકડા કે ગણતરી હોઈ શકે નહીં. સરકાર પોલીસી લાવે છે અને બિઝનેસ પ્રાઈવેટ લોકો કરે છે.

ભુતકાળમાં આ બધા કહેતા હતા કે આપણે ત્યાં વીજળી ઘણી મોંઘી છે અને પ્રોડકશન કોસ્ટ વધારે આવે છે તો સરકારે રસ્તો ખોલ્યો છે.જો તમે મંદીની વાત કરતા હશો તો મંદીમાં આ એસએસએમઈને સોલાર નીતીમાં પ્રોત્સાહન) ઉપયોગી થશે. અમારી સરકાર પ્રો -પ્રિપલ છે અને રાજ્યના લોકોના હિતમાં પગલાં લે છે.સીએમ રુપાણી દ્વારા મંદી વિશે કરાયેલા ઉદગારોની તુરત ચર્ચા શરુ થવા પામી હતી અને સોશ્યલ મીડીયા ઉપર મંદીની એક હવા છે તે ઉદ્ગારો વાયરલ થવા પામ્યા હતા.

## ડોનાલ્ડ ટ્રમ્પ અમેરિકાના ત્રીજા પ્રમુખ છે જેમની સામે મહાભિયોગની તપાસ શરુ કરાશે



અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે શપથ સાથે દગાબાજી કરી બંધારણીય જવાબદારીઓનું ઉલ્લંઘન કર્યું છે તેવું અમેરિકી સંસદની પ્રતિનિધિ સભાના સ્પીકર નેન્સી પેલોસીએ જણાવ્યુ હતું.પ્રમુખ ટ્રમ્પે રાજકીય હરીફોને પરાસ્ત કરવા માટે વિદેશી અહેવાલોના મુદ્દે મહાભિયોગની તપાસ શરુ કરવા માટે સ્પીકરે આદેશ કર્યો હતો.

પેલોસીએ જણાવ્યુ હતું કે ટ્રમ્પે રાજકીય હરીફોને પરાસ્ત કરવા માટે વિદેશી મદદ લઈને રાષ્ટ્રીય સુરક્ષાને દાવ પર લગાવી દીધી છે. અને અમેરિકાના બંધારણનું ઉલ્લંઘન કર્યું છે. પેલોસીની જાહેરાત બાદ હવે અમેરિકી સંસદનું હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટીવ ડોનાલ્ડ્ ટ્રમ્પ સામે મહાભિયોગની તપાસનો પ્રારંભ કરશે.

ડોનાલ્ડ ટ્રમ્પ અમેરિકાના ત્રીજા પ્રમુખ છે જેમની સામે મહાભિયોગની તપાસ શરુ કરાશે.ડોનાલ્ડ ટ્રમ્પ સામે મહાભિયોગની તપાસ શરુ કરવા માટેનો નિર્ણય લેવામાં મહિનાઓ સુધી ખચકાટ અનુભવનાર નેન્સી પેલોસીએ કહ્યું હતું કે પ્રમુખને જવાબદાર ઠેરવવા જોઈએ. અમેરિકામાં કોઈપણ વ્યક્તિ કાયદાથી પર નથી.હાલમાં અમેરિકી સંસદની ૬ સમિતિઓ ટ્રમ્પ સામે તપાસ કરી રહી છે.પેલોસીએ કહ્યુ હતું કે ડોનાલ્ડ ટ્રમ્પે લીધેલા હોદ્દાના શપથ સાથે દગાબાજી કરી છે. તેમણે કાયદો તોડ્યો છે. અને પોતાની બંધારણીય જવાબદારીઓનું ઉલ્લંઘન કર્યું છે.

પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યુ હતું કે ડેમોક્રેટ્સ દ્વારા મારી સામેનું આ વિનાશકારી અભિયાન છે.

## વડાપ્રધાન મોદીની અમેરીકાની મુલાકાતથી રાજદ્વારી સબંધો વધુ મજબુતાઇએ પહોચ્યા



વિશ્વના એનર્જી કેપિટલ હ્યુસ્ટનમાં આયોજિત હાઉડી મોદી કાર્યક્રમમાં પચાસ હજારથી વધુ ભારતીય અમેરિકન લોકો ઉમટી પડ્યા હતા.ગુરુવાણી અને શબ્દ કિર્તન સાથે હાઉડી મોદી ઈવેન્ટનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. અમેરીકી સાંસદોનું પ્રતિનિધિમંડળ હાજર રહ્યુ હતું. અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ સતત મોદીની પડખે હાજર રહ્યા હતા. ટ્રમ્પે તેમના ભાષણમાં કહ્યુ હતુ કે આગામી મહિનાઓમાં ભારત અને અમેરિકાની સેનાઓની ત્રણેય પાખો સંયુક્ત કવાયત ઈતિહાસમાં પહેલી વાર યોજવા જઈ રહી છે. તેનુ નામ ટાયગર ટ્રાયમ્ફ આપવામાં આવ્યું છે.આ ખરેખર એક સારુ નામ છે. આ એક ખરેખર ઉત્સાહ લાવી દેનારુ નામ છે.

જ્યારે વડાપ્રધાન મોદીએ વિશાળ જનસંખ્યાને સંબોધતા કહ્યુ હતું કે અહીયા કરવામાં આવેલું મારુ સન્માન દેશના ૧ ૩૦ કરોડ ભારતીયોનું સન્માન છે. અહીયા ઉપસ્થિત અને અમેરીકામાં વસતા ભારતીયોને ‘અબકી બાર ટ્રમ્પ સરકાર’નુ સ્લોગન આપ્યું હતું. આમ મોદીએ ટ્રમ્પનુ ચુંટણી કેમ્પેન ભારતીયોના મતદાનથી ગરમ કર્યુ હતું. ટ્રમ્પની પ્રશંશાની સાથે કેટલાક એમઓયુ પણ કરવામાં આવ્યા હતા.

## વૈશ્વીક ઉધાગપતિઓને ભારતમાં મોટાપાયે મુડીરોકાણ કરવાનું આહ્વાન કરતા વડાપ્રધાન મોદી

ન્યુયોર્કના બ્લુમબર્ગ ગ્લોબલ બિઝનેસ ફોરમને સંબોધિત કરતાં વડાપ્રધાન મોદીએ જણાવ્યુ હતું કે ભારતમાં આર્થિક સ્થિતિ સુધારા પર છે.વૈશ્વિક ઊદ્યોગપતિઓને સંબોધિત કરતાં તેમણે કહ્યુ હતું કે સ્ટાર્ટઅપમાં રોકાણ કરવા ઈચ્છતા હોવ તો ભારતમાં આવો.વૈશ્વિક સ્તરે ઝડપથી આગળ વધી રહેલા ભારતીય અર્થતંત્રની છબી રજુ કરતાં તેમણે વૈશ્વિક ઉદ્યોગપતિઓને ભારતમાં મોટાપાયે રોકાણ કરવા આહ્વાન કર્યુ હતું. તેમણે જણાવ્યુ હતું કે ભારત અર્થતત્ર મજબુત કરવા માટે એક પછી એક ડગલાં આગળ વધી રહ્યો છે.દુનિયા જાણે છે કે ભારત મોટા અને આકરાં પગલાં લઈ શકે છે.ભારતમાં કોર્પોરેટ ટેક્સમાં કરવામાં આવેલો ઘટાડો તેનું મોટું અને ઉત્તમ ઉદાહરણ છે.સરકારે આર્થિક વિકાસમાં તેજી લાવવા માટે જ આ ક્રાંતિકારી પગલું ભર્યું છે.

૨૦૧૪માં સરકાર રચાયા બાદ અનેક બિનજરુરી કાયદાને દુર કર્યા છે.૫૦થી વધારે એવા કાયદા દુર કર્યા છે જેના કારણે ઉદ્યોગ વેપારમાં અને આર્થિક વાકરમાં અવરોધ ઉભો થતો હતો.

**નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર જોઇ શકો છો**
http://jagadishchristian.com
ઉપરોક્ત વેબ સાઇટ ઉપર તથા ફેસબુક http://facebook.com/robin.dholakiaઉપર નવક્રાન્તિ સાપ્તાહિક જોઈ શકાશે.

## નવ ક્રાંતિ

વિદેશોમાં વાહવાહી લુંટવી અને ઘરના છોકરાં લોટ માટે ટળવળે એવી ઉક્તિ લગભગ સાચી પડવાની લાગે છે. વડાપ્રધાનશ્રી વિદેશોના પ્રવાસે છે અને વિવિધ દેશોના નેતાઓને મળી રહ્યા છે અને તેમને નાણાંકીય મદદ માટે કોથળી છુટી મુકી રહ્યા છે. આલિયા,માલિયા અને જમાલિયા લુંટી જાય એના કરતાં તો તમારી શાખ તળે દબાયેલા રહે અને જ્યારે જરુર પડે ત્યારે તમારી શોભામાં હાજર રહે તો તેવું કરવામાં કોઇ નાનમ નથી. વિદેશોમાં પણ ભારતીય સંસ્કૃતિની ઓળખ થવા માંડી છે. આપણા કલાકારોનો કાફલો લઇ જઇને ઢોલ,નગારા,નાચ ગાન કરીને પોતાના આગમનની છડી પોકારવાની જુની રાજાશાહી ઢબ આપણા નેતાઓએ કોઠે પાડી દીધી છે.

દેશમાં કાળઝાળ મોંઘવારી,બેરોજગારી,નાના મોટા ઉદ્યોગોની કથળેલી સ્થિતિ, બેન્કોની નાદાર થવાની સ્થિતિ વિગેરે અનેક વિકટ પ્રશ્નો મોઢુ ફાડીને ઉભા છે.દેશમાં ચારે કોર અતિવૃષ્ટિને કારણે તારાજીમાં અનેક રાજ્યોમાં પરિસ્થિતિ કપરી બની છે.ત્યારે બેહાલ બની રહેલા દેશમાં શું પરિસ્થિતિ બનશે તે માટે વિચારવાનો સમય પાકી ગયો છે.પાંચ વર્ષ જનમત ફ્રીઝ થઇ ગયો છે એને હવે કોઇ વાંધો આવવાનો નથી. પરંતુ હવે તો વિરોધીઓની જમાત પણ બેશુધ્ધ અને બેહાલ બની જવાની સ્થિતિમાં છે.ક્યારેક કોઇને સલાહ,સુચન કરવાનું યોગ્ય લાગતું હતું તે પણ સ્થિતિ બદલાઇ ગઇ છે. ક્યારે આ પરિસ્થિતિ તમને સળીયા પાછળ ધકેલી દે તેનો ભરોસો રહ્યો નથી.આ લોકશાહીની સ્થિતિ માટે કોણ જવાબદાર છે ? તમે,હું,એ આપણે !

## મંતવ્ય

સત્તા સ્થાને બેઠા બાદ કાયદાની ઐસીકી તૈસી કરનારા રાજકારણીઓ આખરે તેમની કર્મોને આધારે તેમને ભોગવવાનું આવે છે.પછી તે સંત હોય કે રાજકારણી આખરે તેમના કર્મો તેમના આડે આવે છે.તેનો દાખલો જીવંત તમારી સામે છે કે જેમને લોકો મહાન સંત માનીને તેમને પગે લાગતા હતા તેવા આશારામ પાસે સત્તા ઝુકતી હતી છતાં તેઓ જેલમાં ગયા અને છુટી શક્યા નહી અને કાયદાએ તેમને સજા કરી.અને એવા પણ છે કે જેમણે બીજાના માટે સજા ભોગવી.ખેર હવે અમેરિકાના પ્રમુખ ટ્રમ્પ પણ એવી દ્વિધામાં ફસાયા છે. તેમની સામે મહાભિયોગ મંડાયો છે. તેમજ બીજી વિશેષ એવી છ સંસદીય કમિટિઓ તેમના વિરુધ્ધ તપાસ કરી રહી છે.અમેરિકામાં કોઇપણ વ્યક્તિ કાયદાથી પર નથી અને બચી શકતુ નથી.ખેર,અમેરિકાના પ્રમુખ પર લાગેલા આરોપોમાંથી મુક્તિ મેળવવી કઠિન છે છતાં સત્તા પર બેઠેલા લોકોને માટે કાયદાને મરોડતા વાર લાગતી નથી.કોઇપણ અન્ય દેશના લોકો આવીને તેમને ચુંટણીમાં મદદ કરી જાય તે યોગ્ય નથી. તાજેતરમાં ભારતના વડાપ્રધાને જાહેરમાં ટ્રમ્પને મત આપવા અપીલ કરી જે ખરેખર યોગ્ય નથી. પરંતુ જેમને કાયદાની પડી નથી તેમના માટે બધું જ બરાબર છે.

યોગેશકુમાર એમ. ખમાર

AGNELO FREE MARRIAGE SERVECES, INDIA
agnelofreemarriagebureau@gmail.com.
parmar_kanu2002@yahoo.co.in
http://jagadishchristian.com/
Conact No.0091 9824489344,
(R)0091-2692-260332

## જાહેર ખબરના ભાવ

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૧૦૫૦૦ | અર્ધુ પાન | રૂ.૫૦૦૦ |
| ૧/૪ પાન | રૂ.૨૫૦૦ | ૧/૮ પાન | રૂ.૧૦૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૭૨૦૦ | માસિક પેનલ | રૂ.૧૦૦૦ |

ટચુકડી જાહેરાત રૂ.૫૦૦

વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.

આપની કોઇપણ પ્રકારની જાહેર ખબરો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી

સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬, ૦૭૯-૬૫૨૧૪૭૫૬

## સરકારની વિચારધારા સંઘીય નીતિ માટે અયોગ્ય છે : મનમોહનસિંહ



પુર્વ વડાપ્રધાન મનમોહિનસિંહે ૧૫માં નાણાંપંચના વિષય અને શરતોમાં ફેરફારની પધ્ધતિને એકતરફી ગણાવીને કેન્દ્ર સરકારની ટીકા કરી હતી. તેમણે કહ્યુ હતું કે એકતરફી વિચારધારા સંઘીય નીતિ અને સહકારી સંઘવાદ માટે યોગ્ય નથી. સિંહે નાણાંપંચ સમક્ષ રખાયેલા વધારાના વિષયો અને રાજ્યો પર તેના સંભવિત પ્રભાવ અંગે રાજધાની દિલ્હીમાં એક રાષ્ટ્રીય પરિચર્ચાને સંબોધિત કરતાં કહ્યુ હતું કે સરકાર નાણાં પંચના વિચારણીય વિષયો અને શરતોમાં ફેરફાર કરવા પણ ઇચ્છતી નથી. તો તેની સારી પધ્ધતિ એ હોત કે તેના અંગે રાજ્યોના મુખ્યમંત્રીઓના સંમેલન પાસેથી સમર્થન મેળવવામાં આવ્યુ હોત.આ સંમેલન હવે નીતિ આયોગના અંતગર્ત આવે છે. નાણાંપંચની ભુમિકા અંગે કહ્યુ હતું કે એવા કેટલાક મુળભુત મુદ્દાઓ છે જેમકે આરોગ્ય,એજ્યુકેશન,તથા પર્યાવરણીય સુરક્ષા માટે ફાળવણી તેમાં સામેલ છે.જેમાં તમામ રાજ્યોના હિતો સમાએલા હોય છે.સરકારે આ અંગે સંમતિ મેળવવી જોઇએ.

## વાહિયાત નિવેદનો કરવાથી દેશમાં ખાડે ગયેલા અર્થતંત્રમાં સુધારો આવશે નહીં : સરકારે સમયસર પગલાં નહી લે તો હજુ પણ વધારે ખરાબ આર્થિક પરિસ્થિતિનો સામનો કરવો પડશે : યશવંતસિંહા પુર્વ નાણાંમંત્રી



પુર્વ નાણાં મંત્રી યશવંતસિહાએ દેશની ખાડે ગયેલી ઇકોનોમી માટે કેન્દ્ર સરકારને સમયસર નહીં લેવાયેલા પગલાંને જવાબદાર ઠેરવ્યા હતા.તેમણે કહ્યુ હતું કે આર્થિક સંકટમાં ઘેરાયેલી દેશની ઇકોનોમીની હાલત પ્રધાનો દ્વારા વાહિયાત નિવેદનો કરવાથી સુધરવાની નથી.તેમણે એવું કહીને કેન્દ્રના નાણાં મંત્રી નિર્મલા સીતારામન સામે ઇશારો કર્યો હતો. તેમજ પીયુષ ગોયેલના વિચિત્ર નિવેદન સામે ઇશારો કર્યો હતો. સિંહાએ કહ્યુ હતું કે સરકારમાં બેઠેલા કેટલાક લોકો અટપટા નિવેદનો કરી રહ્યા છે. આવા વાહિયાત નિવેદનો કરવાથી કે લુલો બચાવ કરવાથી ઇકોનોમીનું કલ્યાણ થશે નહીં. ઉલટાનું સરકારની છબી બગડશે. સિંહાએ કહ્યુ હતું કે ઓટો ક્ષેત્રે મંદી માટે ઓલા કે ઉબેર જેવી ટેક્સી સેવાને જવાબદાર ગણવાના સીતારામનના નિવેદનથી મને આશ્ચર્ય થયું હતું. જો ઓલા ઉબેરથી પેસેન્જર વાહનોનું વેચાણ ઘટ્યું હોય તો ટુ-વ્હીલર્સ અને ટ્રકના વેચાણે કેમ ઘટાડો થયો ? બિહારના ડેપ્યુટી સી.એમ. અને ભાજપના નેતા સુશીલકુમાર મોદીએ કહ્યુ હતું કે શ્રાવણ-ભાદરવો જેવા મહિનામાં દેશમાં મંદી જ હોય છે. તેમના આવા અટપટા બચાવ સામે પણ સિંહાએ સવાલો ઉઠાવ્યા હતા.પિયુષ ગોએલ મંદીનો બચાવ કરવા આઇન્સ્ટાઇનના ગુરુત્વાર્કષણના નિયમનો ખોટો ઉપયોગ કર્યો હતો. તેની સામે પણ સિંહાએ કટાક્ષ કર્યો હતો.

## મંદી માટે ઓલા-ઉબેર ફેક્ટર મજબુત કારણ નથી : કારનો માલિકી ખર્ચ વધતાં વેચાણ ઘટ્યૂ છે : મારુતી સુઝુકી એક્ઝી.ડીરેક્ટર શશાંક શ્રીવાસ્તવ

દેશની સૌથી કાર બનાવનાર કંપની મારુતી સુઝુકીએ એવુ જણાવ્યુ હતું કે બેન્કના ધિરાણના આકરા નિયમો અને બીએ-વીઆઇ વ્હિકલમાં પ્રવર્તી રહેલા ગુંચવાડાને કારણે લિકવીડીટીની પરિસ્થિતિ કાર વેચાણના ઘટાડા માટે જવાબદાર છે.

મારુતની એક્ઝી.ડીરેક્ટર શશાંક શ્રીવાસ્તવે જણાવ્યુ હતું કે ગત વર્ષના પહેલા ચાર મહિનામાં આપણે ૨૯ ટકા વિકાસ દરના સાક્ષી બન્યા છીએ પરંતુ વર્ષના અંતે તે ૩ ટકાના સ્તરે આવીને ઉભો રહ્યો છે.માલીકી ખર્ચમાં થયેલો વધારો કાર વેચાણના ઘટાડા માટે જવાબદાર છે.

તેમણે કહ્યુ કે ઉત્પાદનનો વધારે ખર્ચ તથા રોડ ટેક્સમાં વધારાને કારણે ઓનરોડ પ્રાઇસમાં ૧૪-૧૫ ટકાનો વધારો થયો છે.તેમણે કહ્યુ ઓટો ઉદ્યોગની મંદી માટે ઓલા-ઊબેરનો વધેલો ઉપયોગ જવાબદાર નથી.

કાર ખરીદવા માટેના લોકોના વિચારો હજુ બદલાયા નથી.

## જાણવા જેવું

જાપાનમાં ક્યોનામ્બા નામનો માણસ આપણે પગે ચાલીએ છીએ તેટલીજ ઝડપી તે માથું જમીન પર મુકીને માથાથી ચાલી શકે છે.આ માણસ માથાથી દાદર પણ ચડી ઉતરી શકે છે.

સૌથી પહેલો ઝુલતો પુર ૧૮૨૬ માં મનાઇની સામુદ્રધુની પર બાંધવામાં આવ્યો હતો.

સિધ્ધપુરનો રુદ્રમાળ અગીયાર મજલાનો હતો અને તેના અગીયારમાં માળ પરથી અઢાર માઇલ દુરનું સહસ્ત્રલીંગ તળાવ જોઇ શકાતું હતું.

ચારસો વર્ષ પહેલાં શોધાયેલું થર્મોમીટર તાવ સિવાયના પણ અનેક તાપમાનો માપવામાં વપરાય છે.

ગ્રીસના તત્વજ્ઞાની ઝેનોએ, પોતાના સ્વમાન ખાતર બે દાંત વચ્ચે જીભ કાપી નાંખી, રાજા ઉપર ફેંકી હતી.

# સરદાર સરોવર ડેમની પુર્ણ જળસપાટીએ ભરાતાં નર્મદા નીરના વધામણાં :જનઉત્સવમાં વડાપ્રધાનની હાજરી



સરદાર સરોવર ડેમ ૧૩૮.૬૬ મીટરે પુર્ણ કક્ષાએ ભરાઇ જતાં ,આ ઐતિહાસિક અવસરે નર્મદા મહોત્સવ ઉજવવાનું સમગ્ર રાજ્યમાં નક્કી કરાયું હતું.વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી આ અવસરે નીરના વધામણા કરવા ઉપસ્થિત રહ્યા હતા.નર્મદા મહોત્સવને સંબોધતા વડાપ્રધાને કહ્યુ હતું કે આજે જળસાગર અને જનસાગનું અહીં મિલન થયું છે. મારુ સૌભાગ્ય છે કે મા નર્મદાના દર્શન અને પુજાનો મને અવસર મળ્યો છે.

વડાપ્રધાને ભારત વન સામે વ્યુ પોઈન્ટ-૧ ખાતે યોજાયેલા આ સમારંભમાં કહ્યુ હતું કે મે કેવડિયાના વિવિધ પ્રોજેક્ટની મુલાકાત લીધી છે. તમામ સ્થળે મને વિકાસ અને પ્રકૃતિનો અદભુત તાલમેલ જોવા મળ્યો છે. એક તરફ ડેમ છે તો બીજી તરફ ઈકો ટુરીઝમ,બટરફલાય ગાર્ડન છે. આ વચ્ચે સરદાર પટેલની વિશ્વની સૌથી મોટિ પ્રતિમા છે.આજની સ્થિતિએ સરદાર સરોવરને પહોચાડવા માટે લાખો લોકોનું યોગદાન,સાધુ-સંતો, સામાજિક સંગઠનોનું યોગદાન મહત્વનું છે તે લાખો સાથીઓનું હુ આભાર માનું છું.

પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના જન્મદિવસે તેમના જ પરિશ્રમ અને પુરષાર્થી માર્ગદર્શની પુર્ણ થયેલી નર્મદા યોજનાનો સરદાર સરોવર બંધ સપુર્ણ સપાટીએ ભરાવાના અવસરને દીપાવવા નર્મદે મહોત્સવમાં મુખ્યમંત્રી વિજય રુપાણી અને નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા.અને વડાપ્રધાનની સાથે નીરના વધામણા કર્યા હતા.



પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજી વડાપ્રધાન નરેન્દ્ર મોદીની મુલાકાતે તેમના નિવાસ સ્થાને ગયા હતા. તેમણે આ મુલાકાતને રાજકીય મુલાકાત વર્ણવી નહોતી પણ કહ્યુ હતું કે વડાપ્રધાન સાથેની ચર્ચા સારી રહી હતી.

તેમણે કહ્યુ હતું કે તેઓએ વડાપ્રધાનને આગ્રહપુર્વક જણાવ્યુ હતું કે દેશના બીજા ક્રમના સૌથી મોટા કોલ બ્લોકનું ઉદ્‌ઘાટન તેઓ બંગાળ આવીને કરે. બેઠકમાં પશ્ચિમ બંગાલને વિશેષ પેકેજ,વીરભુમિ કોલ બ્લોક, રાજ્યનુ નામ બદલવા માટેની રાજ્યની માંગણી સહિતના મુદ્દે ચર્ચા થઈ હતી.જો કે મમતાએ વડાપ્રધાનની મુલાકાત સમયે મોદીને મીઠાઈ તથા કુર્તાની ભેટ આપી હતી.

જો કે મમતા બેનરજી વડા પ્રધાનના ટીકાકાર રહ્યા છે.લોકસભાની ચુંટણી વખતે ભાજપ અને મમતા વચ્ચે એટલી બધી કડવાશ વ્યાપી હતી કે લોકસભા પછી વડાપ્રધાનની શપથવિધિમાં મમતા બેનરજી ગયા નહોતા.નીતિઆયોગની બેઠકમાં પણ ગેરહાજર રહ્યા હતા.પરંતુ રાજકારણમાં કોઈ કાયમી દુશ્મન નથી કે મિત્ર નથી. તેથી મમતા બેનરજી વડાપ્રધાનને મળવા પહોચ્યા કોઈ આશ્ચર્ય નથી.

# સુપ્રીમ કોર્ટના આદેશ અનુસાર પબ્લિક નાણાંના ખર્ચની વિગતો જાણવાનો નાગરિકોને અધિકાર : હોસ્પીટલ,શૈક્ષણિક સંસ્થાઓ,એનજીઓ વિગેરે આરટીઆઇના દાયરામાં લાવવાથી વધુ પારદર્શિતા આવી શકે

સુપ્રીમ કોર્ટે આદેશ આપ્યો છે કે, સરકારી ગ્રાન્ટ મેળવીને શૈક્ષણિક સંસ્થાઓ, હોસ્પીટલોનું સંચાલન કરતી સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ અને સ્વૈચ્છિક સંસ્થાઓને ‘રાઈટ ટુ ઈન્ફોરમેશન એક્ટ’ હેઠળ નાણાંકીય વ્યવહારો અંગેની માહિતી પુરી પાડવાની રહેશે.પબ્લીકના નાણાંનો ખર્ચ થયો હોય તે અંગેની વિગતોની જાણકારી મેળવવાનો નાગરિકોનો અધિકારી એ આરટીઆઈની સૌથી મહત્વની બાબત છે. આરટીઆઈ કાયદાનો હેતુ સરકારી ગ્રાન્ટ મેળવતી સંસ્થાઓની કામગીરીમાં વધુ પારદર્શિતા લાવવાનો છે. શાળા,કોલેજો,હોસ્પીટલો જેવી સંસ્થાઓને વિના મુલ્યે જમીન અપાય કે જમીનની કિંમતમાં નોધપાત્ર ડિસ્કાઉન્ટને પણ ‘નોઘપાત્ર સહાય’ તરીકે ગણી શકાય.

સુપ્રીમ કોર્ટના આ રુલીંગને પરિણામે એનજીઓ અને સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ પાસેથી માહિતીની જાણકારી મેળવવાના



નાગરિકોના અધિકારને વેગ મળ્યો છે.અને શૈક્ષણિક સંસ્થાઓ, હોસ્પીટલોએ તેમના વ્યવહાર ચોખ્ખા રાખવાની ફરજ પડશે.અત્યાર સુધીમાં આ પ્રકારની સંસ્થાઓ પબ્લીક ઓથોરીટી ની પરિભાષાનો ગેરલાભ ઉઠાવીને આરટીઆઈ હેઠળ માહિતી આપવામાંથી છટકી જતી હતી.સરકારી ગ્રાન્ટ કે જંગી નાણાં સહાય મેળવતી એનજીઓ સહિતની સંસ્થાઓ દ્વારા નિર્ધારિત હેતુ માટે નાણાંનો ઉપયોગ થાય છે કે નહીં. તેની જાણકારી અને માહિતી મેળવવાનો નાગરિકોને અધિકાર છે. સરકાર દ્વારા શૈક્ષણિક સંસ્થાઓ કે હોસ્પીટલોને વિનામુલ્યે જમીન આપવામાં આવી હોય અથવા મોટું ડિસ્કાઉન્ટ આપવામાં આવ્યુ હોય અથવા સીધી કે આડકતરી રીતે નાણાં ભંડોળ પુરુ પાડવામાં આવ્યુ હોય તેને નોધપાત્ર સહાય તરીકે ગણી શકાય. સરકારનું સંચાલન હોય કે ન હોય તેવી કોઈપણ સંસ્થા કે એનજીઓ સીધી કે આડકતરી રીતે જંગી આર્થિક સહાય કે ગ્રાન્ટ મેળવતી હોય તેવી સંસ્થાઓ સેકસન (૨) બી (આઈઆઈ) ના દાયરામાં આવે છે.ગ્રાન્ટ મેળવતી સંસ્થાઓની કામગીરીમાં વધુ પારદર્શિતા લાવવાનો હેતુ છે.

જ્હોન એફ કેનેડી ખુબ સારા વેન્ટ્રીલોકિવિસ્ટ એટલે કે અન્ય કોઈ વ્યક્તિ બોલે છે એ રીતે તેઓ બોલવાનું કૌશલ્ય ધરાવતા હતા.

ઈટાલીમાં ૧૦ લાખ પાઉન્ડ ઝવેરાત જડેલી જમણા પગની એક મોજડી હાથ લાગી હતી

ફ્રાંસમા ટુંકામાં ટુંકા નામના બે ગામો છે. એકનું નામ ઓ અને બીજાનું નામ વાય છે.


**કાર ભાડે મળશે**



**લગ્ન તેમજ શુભ પ્રસંગ માટે ડિઝાઇનર કાર મળશે**



**મોબાઇલ : ૮૫૧૧૮૯૯૧૯૭**

**લિમોઝીન, બીએમ ડબલ્યુ , ઔડી , મર્સીડીઝ તથા અન્ય મેરેજ કાર મળશે**



ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...

ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઈન્સ્ટ્રુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઈરોમીટર તેમજ કોઈપણ સર્જીકલ આઈટમો તદન વ્યાજબી ભાવે મળશે.

**અમી સર્જીકલ**

૧૩,સહયોગ પાર્ક -૧,ન્યુ ગામડી રોડ,આણંદ.૧

**જય ક્રિશ્ચિયન** મો.:૯૮૨૪૩૬૨૪૬૨-૮૨૩૮૦૦૧૯૮૯

**ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર**

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

**સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર**

પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.

મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭

# ઇડીની મહેમાનગતિ અને તપાસ માટે તૈયાર છું, દિલ્હીના તખ્ત સામે ઝુકીશું નહીં : શરદ પવાર એનસીપી પ્રમુખ



શિખર બેન્ક ગોટાળા પ્રકરણે ઈડીએ મારી સામે ગુનો દાખલ કર્યો છે. ઈડીની તપાસમાં સંપુર્ણસહકાર આપીશ. ચુંટણી પ્રચાર માટે મુંબઈની બહાર હોવાથી હું પોતે જ ૨૭મી સપ્ટે.મુંબઈમાં ઈડીના કાર્યાલયમાં હાજર રહીશ. તેમની મહેમાનગતિ સ્વીકારવાની મારી તૈયારી છે એમ એનસીપીના પ્રમુખ શરદ પવારે જણાવ્યુ હતું.

શિખર બેન્ક ગોટાળા પ્રકરણે ઈડીએ ગુનો દાખલ કર્યા પછી આજે શરદ પવારે મુંબઈમાં પત્રકાર પરિષદ યોજી હતી.બરાબર ચુંટણી ટાણે થઈ રહેલી કાર્યવાહી બાબતે પવારે ભાજપ સરકાર સામે નિશાન સાધ્યું હતું. ઈડીએ દાખલ કરેલા ગુનામાં મારુ પણ નામ છે. મારા જીવનમાં આ બીજુ પ્રકરણ છે. ઈડીએ મારી સામે ગુનો દાખલ કર્યો છે એની જાણ મને કાલે સાંજે થઈ. તેમની તપાસમાં હુ પુર્ણ સહકાર આપીશ એમ પવારે જણાવ્યુ હતું.ઈડીએ મારી સામે ચોક્કસ શું ગુનો દાખલ કર્યો ચે એ પણ મારે એમની પાસેથી જાણવું છે.

આગામી કેટલાક દિવસ હું ચુંટણી પ્રચાર માટે મુંબઈની બહાર હોવાથી મને ઈડીના સંદેશા ન મળે એવી સંભાવના છે. તેથી ૨૭મી તારીખે બપોરે બે વાગ્યે મુંબઈના ઈડીના કાર્યાલયમાં હું પોતે હાજર થઈશ. અધિકારીઓ મારી પાસેથી જે માહીતી જોઈતી હશે તે આપીશ. તેમને જો મારી વધુ મહેમાનગતિ કરવી હોય તો તે સ્વીકારવાની પણ મારી તૈયારી છે.

શરદ પવાર અને તેમના ભત્રીજા અજીત પવાર પર રાજ્ય સહકારી બેન્કમાં થયેલા કથિત ૨૫ હજાર કરોડના ગોટાળામાં શરદ પવાર અને તેમના ભત્રીજાની સંડોવણીનો આરોપ છે.

મહારાષ્ટ્ર વિધાનસભાની ચુંટણીઓ આવી રહી છે અને ભાજપ તથા શિવસેના ભેગા મળીને મહારાષ્ટ્રની સત્તા હાંસલ કરવા માંગે છે તેથી કરીને જેટલા વિરોધીઓ હોય તેમની સામે કેસો દાખલ કરીને તેમને ચુંટણી પહેલા જ પરાસ્ત કરી દેવાની રાજરમત હોવાનું લોકમુખે ચર્ચાઈ રહ્યુ છે.

શરદ પવાર મહારાષ્ટ્રની રાજનીતીના બહુ જુના અને કુશળ ખેલાડી છે.તેથી તેમને હટાવી દેવાય તો કોગ્રેસનો ગઢ તોડવામાં સરળતા રહે તેવું પણ ચર્ચાઈ રહ્યું છે.


સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

**કેર કોમ્પ્યુટર સેન્ટર**

ફક્ત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઈંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,

કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજજવળ ભવિષ્ય બનાવો.

**હેડ ઓફિસ** :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં: ૯૯૨૫૨૭૪૧૭૫

**બ્રાન્ચ ઓફિસ** : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઈસનપુર અમદાવાદ.મો. નં: ૯૮૯૮૦૭૨૮૮૧



★ **નીલા ફાઇનાન્સ** ★

આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?


જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.

**નીલા સી.ગામડીયા**

'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૩૫૩૮૩૩૨૨


# એસીડીટી માટે વપરાતી દવા રેનિટિડીનથી કેન્સર થવાનું જોખમ હોવાથી ડોકટરોને આ દવા દર્દીઓને નહીં આપવાની સુચના જારી કરાઇ




મુખ્યત્વે ડોકટરો દ્વારા દર્દીઓને એસીડીટી ન થાય માટે રેનિટિડીન લેવાની સલાહ અપાતી હોય છે. તે ઉપરાંત આંતરડામાં થતા અલ્સર,ગેસ્ટ્રોઈ સોફેગલ રિફલકસ ડીસીઝ,ઈસોફેગિટિસ, જોલિંગર એલીસન સિડ્રોમ જેવી બિમારીઓમાં પણ રેનિટીડીનનો ઉપયોગ કરાય છે. રેનિટિડિન ટેબ્લેટ અને ઈન્જેકશન રુપે બજારમાં મળે છે.

રેનિડીટિન ધરાવતી કેટલીક દવાઓમાં એન-નાઈટ્રોસોડિમિથિલેનાઈન તરીકે ઓળખાતું કેન્સર માટે જવાબદાર ગણાતું તત્વ મળી આવ્યું હોવાની અમેરિકા ડ્રગ રેગ્યુલેટરે ચેતવણી જારી કર્યા બાદ ડ્રગ કન્ટ્રોલર જનરલ ઓફ ઈન્ડીયાએ એસીડીટી માટે ઉપયોગમાં લેવાતી દવા રેનિટિડીન માટે ગંભીર ચેતવણી જારી કરી છે.તેમાં જણાવાયું છે કે રેનિટિડીનમાં મળી આવેલા એનડીએમએના કારણે કેન્સર થઈ શકે છે. અત્યારે રેનીટિડીન અલગ અલગ બ્રાન્ડ નેમ સાથે બજારમાં વેચાય છે. રેનિટીડીન સસ્તી અને ઘણા જુના સમયથી ઉપયોગમાં લેવાતી દવા છે.

ટીસીજીઆઈએ રેનિટીડીનના મામલે દરેક રાજયના ડ્રગ્સ કન્ટ્રોલરને ચેતવણી મોકલી આપી છે. ભારતમાં દવાઓની ગુણવત્તા, સુરક્ષા અને ક્ષમતાને નિયંત્રિત કરતાં સેન્ટ્રલ ડ્રગ્સ સ્ટાન્ડર્ડ કન્ટ્રોલ ઓગ્રેનાઈઝેશને રેનિટીડીનની વિસ્તૃત તપાસ માટે નિષ્ણાતોની સમિતિને જવાબદારી સોપી છે. જાહેર જનતાના આરોગ્યના સુરક્ષા માટે ભારતીય ડ્રગ્સ કન્ટ્રોલરે જનતાને આ દવાના ઉપયોગ સામે સાવચેત રહેવાની ચેતવણી આપી છે.ભારતમાં રેનિટીડીનનું ઉત્પાદન રોકવાની સુચના અપાઈ છે. ડોકટરોને પણ આ દવા દર્દીઓને નહીં આપવાની સુચના જારી કરવામાં આવી છે.

ગ્લેકસોસ્મિથકલાઇ (જીએસકે) ફાર્માએ ભારત સહિત વિશ્વભરના બજારોમાંથી રેનિટીડાઈન હાઈડ્રોક્લોરોઈડ(જેનટેક) ટેબ્લેટ પાછી ખેચી લેવાનો નિર્ણય લીધો છે. તે દવાનો ઉપયોગ એસીડીટીના કિસ્સામાં થાય છે. અમેરિકી ઔષધ નિયામકની તપાસમાં કેટલીક કંપનીઓની રેનિડીડાઈન દવાઓમાં કેન્સરકારક તત્વો મળતાં જીએસકે દ્વારા સાવચેતીના પગલાં રુપે બજારમાંથી દવા પાછી ખેચી લેવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. અમેરિકી ઓષધ નિયામક યુએસએફડીએનું કહેવું છે કે રેનિટીડાઈન દવાઓ વિવિધ કંપનીઓ દ્વારા અનેક બ્રાન્ડ નેમ સાથે વેચાય છે.તે પૈકીની કેટલીક બ્રાન્ડોમાં કેન્સરકારક અશુધ્ધિ મળી છે.








**વિનંતી**



**તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો.**



**જાહેરાત માટે સંપર્ક કરો**

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.

નવક્રાન્તિ સાપ્તાહિક

9825169386



**ગ્લોરી કેટરીગ સર્વીસ**

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો`જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.

શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો

ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ

**સંપર્ક:એ. એમ. મેકવાન**

૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩

ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪



તંત્રી: રોબીન ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી, ૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યું.